# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક :૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


Ref: જીટીયુ/એફિલિ/એન્ડો./2019-20/ 875

તારીખ: 21-01-2020

## પરિપત્ર

આથી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યો/નિયામકોને જણાવવામાં આવે છે કે જે-તે સંસ્થાના અધ્યાપકો તરફથી અવારનવાર એન્ડોર્સમેન્ટ સંબંધિત કોલેજ સ્તરની વિવિધ રજૂઆતો યુનિવર્સિટીને સીધી જ કરવામાં આવે છે, જેની આચાર્ય/નિયામકને કોઈ જાણ હોતી નથી તેમજ એમના તરફથી કોઇ રિમાર્કસ્ હોતી નથી પરિણામે એના નિકાલ બાબતેની કાર્યવાહીમાં વધારે સમય વ્યતીત થાય છે, જે ધ્યાને લઈ હવેથી નીચે મુજબની કાર્યવાહી અચૂક કરવા અનુરોધ છે.

1. સંબંધિત સંસ્થાઓને જે તે એન્ડોર્સમેન્ટ પત્રમાં જ સૂચના આપવામાં આવે છે કે એની નકલ જે-તે અધ્યાપકને આપવી, પરંતુ તેમ છતાં કેટલીક સંસ્થાઓ દ્વારા આ સૂચનાનું પાલન કરવામાં નથી આવતું. તો એન્ડોર્સમેન્ટ પત્ર સંસ્થાને મળે કે તુર્ત જ એની એક નકલ સંબંધિત અધ્યાપકને અનિવાર્યપણે આપવી.
2. નોન-એન્ડોર્સમેન્ટ તેમજ શરતો કે વધારાના દસ્તાવેજની પૂર્તતા સંદર્ભે આચાર્યો/નિયામકોનું ધ્યાન દોરવામાં આવતું હોવાથી સંબંધિત અધ્યાપકે પોતાની રજૂઆત સંબંધિત સંસ્થાના આચાર્ય/નિયામક મારફત જ કરવાની રહે છે. આથી અધ્યાપકોએ જે તે સંસ્થાના આચાર્ય/નિયામકની જાણ હેઠળ જ પોતાની રજૂઆત મોકલવી. આચાર્ય/નિયામકની જાણ બહાર મળેલી રજૂઆતને ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(ડૉ. કે. એન. ખેર)

કુલસચિવ




**Chandkheda** : GTU Campus, Nr. Visat Three Road, Chandkheda, Ahmedabad - 382 424. Gujarat, India Ph. : 079 - 23267521/570
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in